# રાજસ્થાનની એ છોકરીનાં માતા-પિતાનું હૈયાફાટ રૂદનથી જાગતા પ્રશ્નો




## અબીલ ગુલાલ

જયવંત પંડ્યા

**જોધપુર જિલ્લાના એક ગામની દીકરીને બેંગ્લુરુમાં સારી શાળામાં ભણાવી-ગણાવી, એન્જિનિયર બનાવી, નોકરી કરવા દીધી પરંતુ દીકરીએ માતા-પિતા વિરુદ્ધ જ ફરિયાદ કરી કે મને ઘરમાં બંધક બનાવી છે. મને જમવાનું અને પાણી પણ નથી આપતાં! પોલીસ ઘરે પહોંચી તો શું જોયું?**

થોડા સમય પહેલાં સૉશિયલ મીડિયા પર જોધપુરની છોકરીનો એક કિસ્સો બહુ વાઈરલ થયો હતો. આ છોકરીએ તેનાં માતાપિતા વિરુદ્ધ ફરિયાદ લખાવી હતી કે તેને તેનાં માતાપિતાએ બંધક રાખી છે. પરંતુ સત્ય કંઈક બીજું જ હતું. શું હતું આ સત્ય?

ઘટના જોધપુર જિલ્લાના ઓસિયાં ગામની છે. ફિલ્મોમાં રાજસ્થાનને બહુ રૂઢિચુસ્ત બતાવાય છે અને સ્ત્રી પર અત્યાચાર કરતા માતાપિતા બતાવાય છે. પોલીસ હોય કે પ્રશાસન, તેમાં રહેલા પુરુષો સ્ત્રીવિરોધી છે તેવું બતાવાય છે. તાજેતરમાં ‘મર્દાની ૩’ ફિલ્મ આવી તેમાં આવું જ બતાવાયું હતું. મરાઠી પોલીસ અધિકારી જે બંગાળી યુવકને પરણી છે તે શિવાની શિવાજી રોય (રાની મુખર્જી)ની બદલી રાજસ્થાનમાં થાય છે અને તેને પોલીસના પુરુષ અધિકારીઓ જ સાંખી શકતા નથી. ત્યાં જે સ્ત્રીઓની બળાત્કાર પછી લોકોને ક્રૂર રીતે મૃતદેહ દેખાય તેમ હત્યાકાંડ કરે છે તે યુવક પણ સ્ત્રીવિરોધી છે.

પરંતુ શું રાજસ્થાન ખરેખર આવું છે? તો (મર્દાની ફિલ્મ ૨૦૨૬ની છે તે યાદ રાખવું જોઈએ પરંતુ) ૨૦૦૩માં વસુંધરા રાજે સિંધિયા મુખ્ય પ્રધાન બને છે અને દસ વર્ષ શાસન કરે છે ! રાજસ્થાનમાંથી જ પરંપરાગત વસ્ત્રો (જેનાં વસ્ત્રો- લાજ વગેરેની વિરુદ્ધ અમિતાભ બચ્ચન અને સોનાક્ષી સિંહાએ ‘કૌન બનેગા કરોડપતિ’માં બોલ્યું હતું પરંતુ એ જ શૉમાં પછી એક એપિસોડમાં હિજાબ પહેરેલી મુસ્લિમ યુવતી આવી ત્યારે તેનાં વસ્ત્રો અંગે બોલવાનું સાહસ અમિતાભ કરી શક્યા નહોતા) પહેરીને પશ્ચિમી રીતે નહીં, પરંતુ ભારતીય રીતે સ્ત્રીઓને સશક્ત કરનાર રૂમા દેવી નીકળ્યાં છે જેમણે રૂમા દેવી ફાઉન્ડેશન દ્વારા અનેક સ્ત્રીઓને આગળ લાવી છે. નીરુ યાદવ પહેલાં સરપંચ (લાંબી આહિર)માં બન્યાં છે. તેઓ છોકરીઓની હૉકી ટીમમાં રમી ચૂક્યાં છે. આવી તો ઘણી વાત થઈ શકે તેમ છે.

અને ઓસિયાંનો ઉપર ઉલ્લેખિત કિસ્સો જો વિગતવાર જાણશો તો પણ તમને રાજસ્થાન અંગે ફિલ્મો અને ટીવી શૉમાં બતાવાયેલો ભ્રમ ભાંગી જશે. ઓસિયાંનાં માતાપિતા ભલે ગામડાંનાં હતાં પરંતુ દીકરી વિરોધી નહોતાં. માતાપિતા શ્રમિક હતાં. કામ અર્થે બેંગ્લુરુ ગયાં. ત્યાં મોટી દીકરીને સારી શાળામાં દાખલ કરાવી. દીકરી પણ ભણવામાં હોશિયાર હતી.

દીકરીએ કહ્યું કે તેને એન્જિનિયરનું ભણવું છે. માતાપિતા પેટે પાટા બાંધીને તેને એન્જિનિયરિંગનું પણ ભણાવ્યું. તે પછી દીકરી કહે છે કે હવે મારે નોકરી કરવી છે, તો માતાપિતા તેને તેની પણ હા પાડે છે. પરંતુ દીકરીનાં લગ્ન ઓસિયાંના બાજુના ગામના યુવક સાથે નક્કી થઈ ગયાં હતાં. આટલી છૂટ આપી હોય તો માતાપિતાએ લગ્ન પણ દીકરીની અનુમતિ સાથે જ નક્કી કર્યાં હોય.

હિન્દુ રીતરિવાજ સાથે દીકરીનાં લગ્ન માતાપિતા કરાવી દે છે. પરંતુ હવે દીકરીના ખેલ ચાલુ થાય છે. તે સાસરે પહોંચે છે તો સાસરિયાને ખૂબ જ હેરાન કરે છે. તેઓ એટલા હેરાન થઈ જાય છે કે દીકરી આગળ હાથ જોડી લે છે. તેઓ કહે છે કે અમે તને અમારી સાથે નહીં રાખી શકીએ. આ વાતથી પણ છોકરીને સંતોષ નહોતો. તે પતિ સાથે બેંગ્લુરુ શહેરમાં અલગ રહેવા લાગે છે તો પતિને પણ એટલો હેરાન કરે છે કે પતિ પણ તેને કહે છે કે તું તારા ઘરે ચાલી જા.

પરિણામે માતાપિતા પણ હેરાન થઈ જાય છે. દીકરીને પોતાની સાથે રાખવા લાગે છે. અનેક મહિના વિતી ગયા. છોકરી તેનાં માતાપિતાને કહે છે કે હું ફરી નોકરી કરી મારા જીવનની નવી શરૂઆત કરવા માગું છું. માતાપિતાને એમ કે સાસરિયા અને પતિથી દુ:ખી છોકરીને આ તક પણ આપવી જોઈએ. તે બેંગ્લુરુ જવા નીકળે છે. પરંતુ પછી દીકરીનો સંપર્ક છૂટી જાય છે. ઘણો સમય વિત્યા પછી માતાપિતા તેની ભાળ મેળવવા પ્રયત્ન કરે છે.

દીકરીના સંપર્કમાં હોય તે બધાને માતાપિતા પૂછે છે પરંતુ કોઈને કંઈ ખબર નહોતી. આથી માતાપિતા નજીકના પોલીસ મથકમાં ફરિયાદ લખાવે છે કે અમારી દીકરીની કોઈ ભાળ નથી. ‘મર્દાની ૩’નું ટ્રેલર રિલીઝ થવાનું હતું ત્યારે જ અનેક સમાચારપત્રોમાં સમાચાર છપાયા હતા કે અનેક યુવતીઓ ૨૦૨૬માં ગૂમ થઈ છે. દિલ્લી પોલીસે આ સમાચારને ખોટા ગણાવી કહ્યું હતું કે અગાઉ કરતાં પ્રમાણ ઘટ્યું છે. અને બધા યુવક-યુવતીઓનાં અપહરણ જ નથી થતાં હોતાં. ઘણા ફિલ્મ કલાકાર બનવા, ઘણા જાતીય આકર્ષણમાં પડી, ઘણા માતાપિતાની સાથે રહેવું ન હોય તેથી ઘર છોડી ચાલ્યા જાય છે. ઘણા ખરાબ સોબતમાં નશાના વ્યસની બનીને જતા રહે છે.

આ સમાચાર અને ‘મર્દાની ૩’ના ટ્રેલરના સમયનો સંયોગ હતો કે પ્રયોગ? સૉશિયલ મીડિયા પર દાવા થયા કે ‘મર્દાની ૩’ને પ્રમૉટ કરવા આવા (ખોટા) સમાચાર ‘યશરાજ ફિલ્મ્સે’ છપાવ્યા હતા. (અને હિન્દી ફિલ્મ જગતમાં આવા પ્રયોગો અગાઉ થઈ ચૂક્યા છે. ‘ક્રિમિનલ’ ફિલ્મ વખતે મનીષા કોઈરાલાની હત્યા, એક કૉફીના પ્રમૉશન માટે અરબાઝ ખાન-મલાઈકા અરોરા ખાનના છૂટાછેડા તેમજ પૂનમ પાંડેના મૃત્યુના ખોટા સમાચાર આવ્યા જ હતા ને !) ‘સૈયારા’માં એટલું બધું કંઈ નહોતું તોય ફિલ્મ થિયેટરમાં યુવાન-યુવતીઓ ચોધાર આંસુએ રડે છે, નાકમાં નળી સાથે બીમાર યુવાનો ફિલ્મ જોવા ગયા હતાં તેવાં દૃશ્યો સૉશિયલ મીડિયા પર આવ્યાં જ હતાં.

તો ઉપરોક્ત ઓસિયાંની દીકરી અંગે ફરિયાદ લખાવી તે પછી પોલીસ શોધે છે. પોલીસને જણાયું કે છોકરી એક છોકરા સાથે નિયમિત વાત કરતી હતી. આ છોકરો બેંગ્લુરુમાં જ રહેતો હતો. તે બેંગ્લુરુથી પૂણે ચાલ્યો ગયો હતો. આથી છોકરી બેંગ્લુરુથી પૂણે ચાલી ગઈ અને (સૉશિયલ મીડિયા પર દાવા મુજબ મુસ્લિમ યુવક સાથે) લિવ ઈન રિલેશનમાં રહેવા લાગી. તેણે પરિવાર સાથે સંપર્ક તોડી દીધો.

જ્યારે સ્થાનિક પોલીસ જાય છે ત્યારે છોકરી તેને પણ હેરાન કરે છે. તે કહે છે કે મારા ગામની આસપાસની પોલીસને મોકલો. ઓસિયાં થાણાની પોલીસ પહોંચે છે તો કહે છે કે મહિલા પોલીસને બોલાવો. મહિલા પોલીસ જાય છે તો ખબર પડે છે કે છોકરી તેનાં માતાપિતા સાથે રહી બેંગ્લુરુમાં નોકરી કરતી હતી ત્યારે જ તેને એક (મુસ્લિમ) છોકરા સાથે પ્રેમ થઈ ગયો હતો. આથી તેણે સાસરિયાને, પતિને હેરાન કર્યાં. પોતાનાં માતાપિતા સાથે સંપર્ક કાપી નાખ્યો. માતાપિતા દીકરીને લઈ આવે છે.

પરંતુ થોડા સમય પછી દીકરીએ પ્રશાસનને ઈ-મેઈલ કરી ફરિયાદ કરી મારાં માતાપિતાએ ઘરમાં મને બંધક બનાવી દીધી છે. મને અહીંથી છોડાવો, નહીંતર આ લોકો મને મારી નાખશે. આ મેઈલ મળતાં પોલીસ અધિકારીઓ તેમજ મહિલા માટે કામ કરનારી ટીમ ત્યાં પહોંચે છે. (જો રાજસ્થાનની પોલીસ મહિલા વિરોધી હોય તો એક ગામમાં જવાની શી આવશ્યકતા?)

મહિલા પોલીસ અધિકારી ઘરના દરવાજા ખટખટાવે છે. માતાપિતા ખોલે છે. પોલીસ કહે છે કે તમારી દીકરી છે? આ નામ છે? આ ભણેલી છે? આ નોકરી કરે છે? માતાપિતા બધી બાબતોના ‘હા’માં ઉત્તર આપે છે. પોલીસ કહે છે કે તો અમને તેની સાથે મેળવો. અમને ફરિયાદ મળી છે કે તમે તેને બાંધીને રાખી છે. તેને જમવાનું નથી આપતાં, પાણી પણ નથી આપતાં. માતાપિતાના પગ તળેથી ધરતી સરકી જાય છે. તેમને ચક્કર આવી જાય છે. આવી ફરિયાદ કોણે કરી હશે? પોલીસ કહે છે, તમારી દીકરીએ.

મહિલા પોલીસ અંદર જાય છે. તો જુએ છે તો દીકરી આરામથી બેઠેલી હતી. સારાં કપડાં પહેરેલાં હતાં. પોલીસને જોતાં જ છોકરીએ એક બેગ કાઢી. તેમાં કપડાં-દસ્તાવેજો વગેરે હતાં. તેને ખભે ભરાવી પોલીસને કહ્યું, “હું અહીંથી નીકળવા માગું છું. હું અહીં રહેવા જ નથી માગતી.” આ સમયે તેની મા કરુણ આક્રંદ કરે છે. આ સમયનો વિડિયો સૉશિયલ મીડિયા પર વાઈરલ થઈ ગયો. પિતાનું રોવું પણ દીકરીને અસર નથી કરતું કે નથી માતાનો વિલાપ દીકરીને મનાવી શકતો. પોલીસે પણ સમજાવવા પ્રયત્ન કર્યો પણ વ્યર્થ રહ્યો.

છેવટે પોલીસે પૂછ્યું કે તમારે તમારાં માતાપિતા સામે કેસ કરવો છે? છોકરીએ ના પાડી. મારે તો આ ઘરમાંથી જ જાવું છે. અંતે દીકરી માતાપિતાને વિલાપ કરતાં છોડી પોલીસ જ ગાડીમાં ત્યાંથી નીકળી જાય છે.

આ વાર્તા ભારતના ગામેગામની છે. શહેરેશહેરની છે. માતાપિતા લાડકોડથી દીકરીને ભણાવે છે અને દીકરી ભોળપણમાં મુગ્ધાવસ્થામાં શાળા કે કૉલેજમાં જાતીય આકર્ષણને કારણે છેલબટાઉ, આજીવિકાહીન અથવા સામાન્ય આજીવિકા રળતા યુવકના સીનસપાટાથી પ્રભાવિત થઈ તેની સાથે ભાગી જાય છે. પછી તેને અતોપતો નથી મળતો. જો અતોપતો મળે છે તો પણ દીકરી માતાપિતાને કુખ્યાત કરી મૂકે છે. વર્ષો પછી દીકરીને સમજાય છે તો તેની પાસે પાછા ફરવાનો કે ચુંગાલમાંથી નીકળવાનો કોઈ રસ્તો નથી હોતો.

આમાં લવજિહાદ પણ ભળે છે. શાશ્વત નામ સાથે સલમાન છોકરીને ફસાવે છે. પરણે છે. મુસ્લિમ બનાવે છે. અનેક છોકરાઓ પેદા કરે છે. હિન્દુ ઘરમાં મુક્ત રીતે, જે કપડાં પહેરવાં હોય તે કપડાં પહેરતી યુવતી બુર્કામાં બંધ થઈ જાય છે. પુરુષના સાથ વગર ક્યાંય જઈ શકતી નથી. અને નિયમો તો એવા છે કે અફઘાનિસ્તાનમાં જે જાહેર થયું તે અત્યાર સુધી ચાલતું જ હતું કે પતિ પત્નીને માર મારી શકે છે, શરત એ કે તેનાં હાડકાં તૂટવાં ન જોઈએ. તૂટે તો પણ મુસ્લિમની જાતિ જોઈને સજા થાય.

ગુજરાતમાં લગ્ન નોંધણી અધિનિયમમાં સુધારો કરી માતાપિતાને ખાલી જાણ કરવાનું (અનુમતિ લેવાનું નહીં) ફરજિયાત બનાવ્યું તેમાં કેટલાય પ્રેમના નામે યુવાનોને બહેકાવનારા કલમઘસુ અને આધુનિકતાવાદી મંડી પડ્યા. છોકરાઓને બંડ પોકારવા સલાહ આપી દીધી. પરંતુ ખરેખર જેમને પરિવાર હોય, જેઓ માતાપિતા હોય તે જ ઉપરોક્ત કિસ્સાનાં માતાપિતા સાથે સમ-અનુભૂત થઈ શકે. બાકી, જેમને નહાવાનિચોવાનું ન હોય તેમને તો આવાં જાતીય આકર્ષણોને પ્રોત્સાહન આપીને સસ્તી લોકપ્રિયતા મેળવવી જ હોય.



# ઋતુ એ જિંદગીથી છલોછલ જામ છે અને હોળી એ વસંતપર્વનું મધ્યબિંદુ છે

## મનકા સિતાર

કેશુભાઇ દેસાઇ

*કોકિલ પંચમ બોલ બોલો*
*કે પંચમી આવી વસંતની..*
*દખ્ખણના વાયરાનાં આ શાં અડપલાં*
*ઊઘડ્યાં લતાઓનાં યૌવનનાં સપનાં*
*આવ્યો જ્યાં એક વાયુઝોલો*
*કે પંચમી આવી વસંતની....(ઉમાશંકર જોશી)*

ઉમાશંકર જોશી તો જંગલની કુંજ કુંજ જોવા કાજે ભોમિયા વિના ડુંગરાળ પંથકમાં ભમીરમીને મોટા થયા હતા એટલે દેખીતું છે કે વસંત ખીલતી નિહાળી એમની ભીતર ધબકતી કવિતા પણ વનવગડામાં ખીલતા કેસૂડાની જેમ ફાટ ફાટ ખીલી ઊઠે. કવિઓને અને પ્રેમીઓને ઘેલા કરી મૂકતી વસંત ઋતુ વળી નગરનિવાસી કવીશ્વર દલપતરામને ‘રૂડો ઋતુરાજ’ લાગે છે તો કોઈ લલિત નિબંધકારની શૈલીમાં વાર્તા લખતો વિભૂત શાહ જેવો સર્જક એના સંગ્રહનું શીર્ષક જ ‘ટેકરીઓ પર વસંત બેઠી છે’ રાખે છે.આ વસંતને પુલ્લિંગ ગણીશું કે સ્ત્રીલિંગ? વસંત નામ બેઉ જાતિમાં ચાલે છે, પરંપરાથી. પણ ઋતુ તરીકે તે અનવદ્ય સૌંદર્યની ઋતુ છે એટલે એને નરજાતિની કઠોરતા ઓઢાડવાનું એટલિસ્ટ મને તો નહીં જ ગમે. હું ‘આસપાસ આકાશમાં’ ઈશ્વરને જ નિહાળી રાજીના રેડ થઈ જતા દલપતરામ જેવો અનાસક્ત ભક્ત નથી. ચુલબુલી નાજુક નમણી વિશ્વસુંદરી જેવી વસંતઋતુ સાથે શાણી ગુજરાતી વાણીના વકીલ દલપતરામ ડાહ્યાભાઈ તરવાડીનું નામ સાંકળવા કરતાં મને સાક્ષાત સરસ્વતીને ‘મૂઢે, કો અહમ્’ કહી પડકારનારા કવિઓના કવિ કાલિદાસનું નામ જોડવું અને માણવું વધુ ગમે. વસંત જીવનનો અને યૌવનનો મહિમા કરતી ઋતુ છે અને પાછી પોતે બારેય ઋતુઓની મહાનાયિકા છે. યસ, મહાનાયક કરતાં હું મહાનાયિકા રૂપે જ એને ચાહી શકું. આખરે પુરુષ છું!

**વસંત ઋતુ એ જીવ માટે કુદરતનું અમૂલ્ય વરદાન છે. એનો સ્વભાવ અને પ્રભાવ જિંદગીને અનોખો શણગાર સજાવી જીવવાલાયક બનાવી દે છે. પતંગિયું હોય કે માણસ: વસંત એને વહાલથી પંપાળી જીવનરસનો જામ પિવડાવીને જંપે છે**

છેક માઘ માસની વસંતપંચમીથી શરૂ થઈ એ આખો ફાગણ અને અડધો ચૈત્ર કવર કરે છે. મર્યાદાપુરુષોત્તમ- વિશ્વસાહિત્યના પ્રથમ મહાનાયક ભગવાન રામને પણ વસંત ઋતુમાં અવતરવું ગમે છે. સદાબહાર મહાનાયક કૃષ્ણ વર્ષા(પાવસ)ઋતુમાં જન્મી વૃંદાવનની વાસંતી કુંજમાં ખીલે છે. શરદ જરૂર વસંતનો ભીનો અનુવાદ છે. પણ વસંત તો વસંત છે. એનો અધિષ્ઠાતા સાક્ષાત કામદેવ છે. દેવાધિદેવ શિવને પણ એ ચળાવી શકે છે, સમાધિ ભંગ કરાવી સંવનનરત કરી શકે છે. આખરે એનો આશય તો શુભ હતો. વિશ્વકલ્યાણનો હતો. શિવ ભોળા હતા એટલે એને સમજી ના શક્યા એમાં બિચારાને જીવ ગુમાવવા વારો આવ્યો. નહીંતર એને તો ચાલાક દેવમંડળીએ જ વિશેષ જવાબદારી પાર પાડવા મોકલી આપ્યો હતો. એણે વસંતની મદદ લીધી. શિવની સમાધિ ખંડિત થઈ એટલે એને તો એમના કાળઝાળ ક્રોધાગ્નિમાં ભસ્મ થઈ જવું પડ્યું પણ એના બલિદાન પૂર્વે જ કામાગ્નિની ફલશ્રુતિ સમું તારકાસુરના વધનું બીજ પાર્વતીની કૂખમાં રોપાઈ ગયું.

હોળી એ પણ ક્રોધ અને પ્રેમનું સંયુક્ત પર્વ છે. પિતાની કુત્સિત આજ્ઞાનું પાલન નહીં કરનારા પુત્રને રાક્ષસરાજ હિરણ્યકશિપુના વધ અને હોલિકા દહનની કથા સાથે વિષ્ણુના નૃસિંહ અવતારનો મહિમા જોડાયેલો છે. ભક્તની વહાર ભગવાન નહીં કરે તો બીજું કોણ કરશે? આપણે દુરિત સામે સાત્વિકના વિજયનો પુરસ્કાર કરનારી સંસ્કૃતિપૂજક પ્રજા છીએ. ભગવાન કૃષ્ણ વિષાદયોગમાં સરી પડેલા અર્જુનને ખાતરી આપે છે: । આપણા દશાવતાર પાઠફેરે ડાર્વિનની ઉત્ક્રાંતિની થિયરીની કવિત્વમય પૂર્વભૂમિકા જ લાગે. હિંસા સામે આપણા અનેક મનીષી મહાપુરુષો અને બુદ્ધ, મહાવીર, ગાંધી જેવી લોકમાન્ય વિભૂતિઓએ નારાજગી વ્યક્ત કરી. યત્કિંચિત્ અટકાવવા પ્રબળ પુરુષાર્થ પણ કરી જોયો પણ એ તો ઉત્ક્રાંતિની સાથે અનુસ્યૂત રીતે સંકળાયેલી બાબત હતી. અટકી હશે, આંશિક રીતે પણ પાછી વળી વળીને જીવનઆખ્યાન સાથે ઓતપ્રોત થઈ ગઈ છે. ઈશ્વર અવતાર પણ દુરિતના નાશ માટે - લેતો રહ્યો છે! પ્રહલાદ રાક્ષસધર્મ ત્યજી વિષ્ણુની ભક્તિ કરે એ એના પ્રચંડ શક્તિશાળી પિતાથી સાંખી નથી શકાતું કારણ કે એમાં એને પોતાની પ્રતિષ્ઠા ઝંખવાતી વરતાય છે. આ એક પરંપરાગત સ્વાભિમાનનો મુદ્દો હતો. આજપર્યંત ‘ઓનર કિલિંગ’ રૂપે એનો રેલો ચાલુ જ રહે છે એ શું એ રાક્ષસી વૃત્તિની અપરિમેય તાકાતનો પરચો નથી?

આચાર્ય ચતુરસેને શાસ્ત્રીએ રાવણને નાયક તરીકે સ્થાપિત કરી રાક્ષસ સંસ્કૃતિને થયેલા અન્યાયની કથા માંડી હતી. ‘વયં રક્ષામ:’ એમની ઘણી લોકપ્રિય નવલકથા છે. આર્ય સંસ્કૃતિ દ્વારા આ જુગજૂની રાક્ષસ સંસ્કૃતિનો સર્વનાશ કરવાના હિંસક પ્રયાસો થતા રહ્યા છે અને તે પણ ‘ ’ કેવી વિડંબના છે!

ચતુરસેન શાસ્ત્રી માને છે કે આપણે જેને ભારતવર્ષ કે આર્યાવર્ત કહી પોરસાતા રહીએ છીએ તે આપણી મહાન ભૂમિ કે જેના પર વિશ્વની તમામ શ્રેષ્ઠ અને મહત્ત્વાકાંક્ષી જાતિના લોકોએ કબજો જમાવવા અવિરત પુરુષાર્થ કર્યો છે એના મૂળ નિવાસી તો એ ઉપેક્ષિત રાક્ષસો હતા. આર્યોએ એમને વીણી વીણીને સાફ કરી દેવાના કારસા કર્યા અને એમને થાકી હારી દક્ષિણમાં ધકેલાઈ જવું પડ્યું છે. આ થિયરી હસી નાખવા જેવી નથી. રાક્ષસને શિંગડાં થોડાં હોય? પણ આપણા કવિઓએ એમને ક્રૂર અને પશુવૃત્તિ વાળા ચીતરવા માટે એમને શિંગડાં જ નહીં, દસ દસ માથાં પણ પહેરાવી દીધાં! શું એ ન્યાયસંગત અભિગમ છે? વિચારો.

પરંતુ આપણને એવું લાંબું વિચારવું ગમશે નહીં એ પણ હકીકત છે. આપણે જે સ્થિતિ અને સંસ્કૃતિમાં જન્મ્યા અને ઊછર્યા છીએ એમાં જ મોજમજા કરતાં કરતાં અને તથાકથિત ધર્મગુરુઓએ દર્શાવેલાં આદર્શ જીવન માટેનાં કર્મકાંડ સુપેરે પાર પાડી બહોળા મિત્રમંડળ, પરિવાર સાથે વૈભવ અને ઐશ્વર્યનો ઉપભોગ કરી છેલ્લે વિદાય લઈએ એટલે મનુષ્યયોનીમાં મળેલો અવતાર સફળ! પછી શું થશે એ વિષે તો ખુદ ધર્મધુરીણો પણ કોઈ ગળે ઊતરે એવું અનુમાન નથી લગાવી શક્યા. કોઈ ગરુડ પુરાણને આધારે વાત કરશે તો બીજા કયામતના દિવસનો હવાલો આપીને ન્યાયની રાહ જોવાની સલાહ આપશે. કબીરજી કહે છે: આપ મૂઆ ફિર ડૂબ ગઈ દુનિયા!

વિજ્ઞાન મૃત્યુ પછીની ‘આત્મા’ની હયાતીમાં વિશ્વાસ કરતું નથી. છતાં આંતરા દિવસે પ્રેતાત્મા અને પુનર્જન્મની વાર્તાઓ વહેતી રહે છે. બધા જ અવઢવમાં છે: ખરેખર આત્મા, લોકપરલોક અને મોક્ષ કે પુનર્જન્મ જેવું કંઈ હશે ખરું? ગાંધી જેવા ગાંધી પણ મોક્ષ અને ઈશ્વર જેવા શાસ્ત્રપ્રણીત ખ્યાલોમાં જ જીવ્યા હતા. રાજચંદ્ર તો એમના નવસો અવતારોથી અવગત હોવાનું કહેતા હતા!

એ જે હોય તે. આપણે ઈશ્વરને જોયો નથી કે જોવાની ઈચ્છા હોય તો પણ રામકૃષ્ણ પરમહંસની માફક જોઈ શકવાના નથી. એ હોય તો કશું ખોટું પણ નથી. ના હોય તો કશું બગડી જવાનું નથી. એના નામે ઉત્સવો ઉજવાય છે એ પૂરતું છે. આપણે ઋતુ પ્રમાણે ઈશ્વર અને દેવી દેવતાઓની પૂજા કરી છેવટે તો મજા જ માણી લઈએ છીએ! એ આકાશી દિવ્ય હસ્તીઓ પણ અંતરિક્ષમાં મજા જ કરતી રહે છે. ઈન્દ્ર કેટલી બધી અપ્સરાઓથી ઘેરાયેલો રહે છે અને છતાં અહલ્યાને ભોગવવા છળકપટ કરી મૃત્યુલોકની ઊડતી મુલાકાત લઈ જાય છે! ઈશ્વરના અવતાર રામ વળી શિલા બની ગયેલી શાપિત સુંદરીને પુનર્જીવિત કરી એનો ઉદ્ધાર કરે છે.

આપણે પણ આપણા ગજા પ્રમાણે આનંદ પ્રમોદ માણી લેવાની તક નહીં ચૂકવી જોઈએ. હા, શાપ અને પાપથી જરૂર બચતા રહીએ અને જીવનને વસંતનો રંગોત્સવ બનાવી દઈએ તો ભયો ભયો! વસંત ઋતુ એ જીવ માટે કુદરતનું અમૂલ્ય વરદાન છે. એનો સ્વભાવ અને પ્રભાવ જિંદગીને અનોખો શણગાર સજાવી જીવવાલાયક બનાવી દે છે. પતંગિયું હોય કે માણસ: વસંત એને વહાલથી પંપાળી જીવનરસનો જામ પિવડાવીને જંપે છે.

## નો નોનસેન્સ

અનુસંધાન પાના એકનું

જ્યારે ભારત માત્ર ૦.૦૮ ટકા નાણાં ખર્ચે છે. ૧૯૮૭માં કાયદા પંચે ભલામણ કરી હતી કે દેશમાં જજોનું પ્રમાણ ડર દસ લાખે ૫૦નું કરવું જોઈએ. ચાર દાયકા થવા આવ્યા ૫૦ (ક્યાં ૨૦૦ અને ક્યાં ૫૦) જજોનું પ્રમાણ પણ નથી હાંસલ કરવામાં આવ્યું.

કોંગ્રેસના વખતથી ન્યાયતંત્રને જાણીબૂજીને મારવામાં આવી રહ્યું છે અને ૨૦૨૦ પછીથી પ્રાણ હરવાનું પ્રમાણ જાણીબૂજીને વધારવામાં આવ્યું છે. ચાવીરૂપ જગ્યાએ બને ત્યાં સુધી ઓછા લોકો રાખવા.

ઓછા હોય તો અંકુશમાં રાખી શકાય, નજર રાખી શકાય, અનૂકુળ બનાવી શકાય અને અછતના અર્થતંત્રનો લાભ લઈ શકાય. આઠમાં ધોરણનાં પાઠ્યપુસ્તકમાં ન્યાયતંત્ર વિષે જે પ્રકરણ ઉમેરવામાં આવ્યું એ ભૂલ નથી, એ પણ જાણીબૂજીને કરવામાં આવ્યું છે. લોકો અદાલતના નામે નાહી નાખે તો ન્યાયની અને કાયદાના રાજની આશા રાખતા મટે.

ન્યાયાધીશોએ અકળાવાની જગ્યાએ આત્મમંથન કરવાની જરૂર છે. પોતાની જાતને પૂછવું જોઈએ કે આપણે ન્યાયને, કાયદાને, બંધારણને, બંધારણીય મૂલ્યોને, માનવીય મૂલ્યોને અને ન્યાય માગવા આવેલ સામાન્ય માણસ માટે કેટલી નિસ્બત ધરાવીએ છીએ? આપણે કોની ખિદમત કરીએ છીએ અને આપણી કરોડરજ્જુ કેટલી ટટ્ટાર છે. બાકી તો બગાઈ પોતાનું કામ કરી જ રહી છે.

## બહુશ્રુત

અનુસંધાન પાના એકનું

ગ્રેટર નોઈડા નેક્સસમાં પકડાયેલ તિહાર જેલનો વોર્ડન સાબિત કરે છે કે કાર્ટેલની પહોંચ આપણી સંસ્થાઓ સુધી થઈ ચૂકી છે. જ્યારે કોઈ કાર્ટેલ આઘાતમાં હોય ત્યારે તેના પર પ્રહાર કરવાનો કિંમતી મોકો હોય છે, પણ આવી તકો લાંબો સમય નથી રહેતી.

ભારતની ફાર્માસ્યુટિકલ ઈકોસિસ્ટમ સિન્થેટિક ડ્રગ્સના ઉત્પાદન માટે જરૂરી એવા કેમિકલ બ્લોક્સનો સપ્લાય હજી પણ કરે જ છે. CJNG દ્વારા સ્થાપિત સ્થાનિક નેટવર્ક, જેમાં ઉદ્યોગપતિઓ, કેમિસ્ટ્સ અને ભ્રષ્ટ અધિકારીઓ સામેલ છે, તે તેમના વિદેશી હેન્ડલરના મૃત્યુથી ભાંગી નથી પડવાનું. એ લોકો થોડો વખત શાંત રહેશે, ધંધો ધીમો કરશે. કાર્ટેલનું નેતૃત્વ બદલાશે પણ જે ઈન્ફ્રાસ્ટ્રક્ચર બન્યું છે તે જેમ છે એમ જ રહેતું હોય છે.

ભારતે હવે માત્ર પોલીસ કાર્યવાહીથી સંતોષ માનવાને બદલે ‘રેગ્યુલેટરી આર્કિટેક્ચર’ મજબૂત કરવું પડશે. પહેલું, ડિજિટલ ટ્રેકિંગ: P2P જેવા કેમિકલ્સના ઉત્પાદન અને નિકાસનું રીઅલ-ટાઈમ ટ્રેકિંગ અનિવાર્ય છે. બીજું, સંકલિત તપાસ: NCB, DRI અને કસ્ટમ્સ વચ્ચે મજબૂત સંકલન હોવું જોઈએ. અને છેલ્લે, નાણાકીય દેખરેખ: શેલ કંપનીઓ અને શેડો પેમેન્ટ ચેનલો પર કડક નજર રાખવી પડશે. કેમિકલ ટ્રેકિંગ જેટલી જ તીવ્રતાથી જો ‘મની ટ્રેઈલ’ની તપાસ કરવામાં આવે, તો આ આંતરરાષ્ટ્રીય નેટવર્ક માટેની શક્યતાઓ મર્યાદિત થઈ જશે.

મેક્સિકોમાં કાર્ટેલ અત્યારે ઘવાયેલું છે, આવામાં જે માણસ નવો લીડર બનશે તે પોતાની જાતને સાબિત કરવા મચી પડશે. અલ મેન્ચોના મોતથી જે સંકટ ખડું થયું છે તેમાં નવો ડ્રગ લોર્ડ યુરોપ, ઑસ્ટ્રેલિયા અને ન્યુ એશિયન માર્કેટમાં પોતાની પહોંચ ફેલાવવા પર ધ્યાન આપશે. ભારત તો પહેલેથી જ CJNGની સપ્લાય ચેનનો હિસ્સો છે એટલે તેનું મહત્વ ઘટવાને બદલે વધવાની શક્યતા મોટી છે.

મેક્સિકોમાં અત્યારે ઉત્સવનો માહોલ છે. ત્યાંના ગુનાહિત સંગઠન માટે આ બહુ મોટો ફટકો છે પણ યાદ રાખવું કે એક ડોન મરે ત્યાં બીજો ઊભો થતા વાર નથી લાગતી. સપ્લાય ચેન નવા લોકો અને નવી સિસ્ટમ સાથે અનુકુલન સાધી લે છે. ભારત મેક્સિકો નથી એ ખરું પણ મેક્સિકો પણ પહેલેથી આવો દેશ નહોતો. છતાં ય ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમે સપ્લાય રૂટ, સંસ્થાઓ અને પૈસાના ખેલમાં પોતાની જાતને એ હદે ઊંડે ઉતારી દીધો છે કે એકાદ મોટું માથું મરી જાય તો તેમનું કામ બંધ નથી થઈ જતું. સીધું ઉદાહરણ છે બિન લાદેનનું, તેના મોત પછી અલ કાયદા કાયમ માટે નાશ નહોતું પામ્યું. આંતક અને ગુનાની દુનિયામાં નવા લોકો ખડા થઈ જ જતા હોય છે.